October 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 23

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવ...

પોતાના માતા-પિતા સાથે નિતેશ પહેલીવાર સંસ્થાના વટવા સેન્ટરમાં આવ્યો હતો ત્યારે તે માતા-પિતાના શારીરિક સપોર્ટથી ચાલતો આવ્યો અને તેના બંન્ને હાથ દોરીથી બાંધેલા હતા. મેં તે જોઈને તરત પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે, તેના હાથ બાંધવાની જરૂર એટલા માટે પડી હતી કે જો તેના હાથ ખુલ્લા મૂકવામાં આવે તો તે તેના બંન્ને હાથથી કાન ખોતરીને લોહી કાઢે છે. ત્યારબાદ સંસ્થાના શિક્ષકો દ્વારા તેનું નિરીક્ષણ કરી એસેસમેન્ટ કરવામાં આવ્યું. નિતેશ cerebral palsy, severe mental retardation, vision impairment, અને speech problem દિવ્યાંગતા ધરાવે છે. બાળકની તે સમયની હાલતને ધ્યાનમાં રાખી શિક્ષકો દ્વારા એ રીતે એક્ટીવીટીનું આયોજન કરવામાં આવ્યું કે જેમાં બાળક પોતાના હાથનો ઉપયોગ કરી સ્પર્શથી (મગ, રેતી, ક્લે, મુલાયમ કાપડ, ખરબચડી સપાટી, કઠણ વસ્તુ પકડાવી) પ્રવૃત્તિ કરે. ત્યારપછી બાળકની સાથે સીટિંગ પોઝીશન, ફિઝિયોથેરાપી અને પ્લેથેરાપી પર શિક્ષક દ્વારા કામ કરવામાં આવ્યું. બાળકને મ્યુઝીક ખૂબ ગમતું હોવાથી ફિઝિયોથેરાપી કરાવતી વખતે મ્યુઝીક વગાડવાથી બાળક થેરાપીસ્ટની સૂચનાનું પાલન સહેલાઈથી કરતો હતો.

એક દિવસની વાત છે, સંસ્થાના ચારમાળીયા ડહેલુંમાં હું બાળકોને એક્ટિવિટી કરાવતી હતી, ત્યારે મેં નિતેશને પોતાના પગે સંસ્થા દ્વારા આપવામાં આવેલા કેલીપર્સ પહેરી માતા-પિતાની શારીરિક સહાયથી ચાલતો આવતો જોયો. તે સમયે તો હું અવાક બનીને નિતેશને જોતી જ રહી. ત્યારે નિતેશ મારી પાસે આવીને કહેવા લાગ્યો,"ટીચર આજે હું મારી જાતે ચાલીને સ્કૂલે આવ્યો." તે સાંભળીને હું અને ફિઝિયોથેરાપીસ્ટ કવીથાબેન ખૂબ ખુશ થયા. નિતેશના માતા-પિતા ગળગળા બનીને સંસ્થાનો આભાર માનવા લાગ્યા. તે દિવસ પછી દરરોજ નિતેશ સેન્ટર પર પોતાની મમ્મીની મદદથી ચાલીને આવે છે. દરરોજ ફિઝિયોથેરાપી આપવાથી અને ઘરે માતા-પિતાની મહેનતથી જ આવું શક્ય બન્યું છે. હાલમાં નિતેશમાં ઘણો વિકાસ જોવા મળ્યો છે, હવે તેને હાથથી કાન ખોતરવાનું પણ ઓછું કર્યું છે. નિતેશમાં આવી જ રીતે ડેવલપમેન્ટ અને પ્રોગ્રેસ થતો રહે તેવી સંસ્થાની, માતા-પિતાની અને મારી ઈચ્છા!

By- Kashmira Upadhyay
Special Educator





"મારા પુત્ર હૈદરના જન્મથી, હું આનંદિત અને ખુશ હતી કારણ કે દસ નાની આંગળીઓ અને અંગૂઠા મારા ગર્ભમાંથી બહાર નીકળ્યા હતા જેની હું રાહ જોઈ રહી હતી. હું તેને વળગી રહી હતી અને તેવામાં ડોક્ટરે નવજાત બાળકના પરીક્ષણો માટે લઈ જવા કહ્યું. છૂટા થવાની ચિંતાથી મને થોડું દુઃખ થયું, ત્યારબાદ થોડા સમય પછી ડોક્ટર ગંભીર મૂડ સાથે રૂમમાં આવ્યા. તેમણે એ હકીકત પર પોતાની ચિંતા વ્યક્ત કરી કે જન્મથી જ તેની મુઠ્ઠીઓ બંધ હોવાથી હૈદર પોતાની મુઠ્ઠીઓ હવે ખોલી શકતો નથી.હું મૂંઝવણમાં હતી, મેં આ ચમત્કાર માટે નવ મહીના સુધી રાહ જોઈ હતી અને મારી સામે એક ડોક્ટર ઉભા હતા જે મને સેરેબ્રલ પાલ્સીના પ્રારંભિક સંકેતો વિશે કહી રહ્યા હતા.
ચિંતાથી ભરેલી અને ડરેલી હું હોસ્પિટલ છોડીને ચાલી નીકળી. શું તે પોતાની મુઠ્ઠીઓ ખોલશે? શું, તે તેના હાથનો ઉપયોગ કરી શકશે? શું તે ક્યારેય ચાલશે? આવી મારા બાળક માટે મુશ્કેલીભર્યા જીવનની ચિંતા મને ખૂબ સતાવી રહી હતી. તેના કારણે હું મોડી રાત સુધી રડતી રહી. તેનું દુઃખ, સારવાર, દવા જેવી દરેક બાબતથી હું ડરેલી હતી. શરૂઆતના કેટલાક વર્ષોમાં તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ અને તેણે શરીરના દરેક મોટર ફંક્સન ગુમાવ્યા. હૈદરને બિહેવીયર પ્રોબ્લેમની દવા શરુ કરાવી દીધી હતી કારણકે તેના વગર તે બિહેવીયર નિયંત્રણ પણ ગુમાવતો. એક માતાપિતા તરીકે, મારા પતિ અને હું તેના ઉપચાર માટે ભયાવહ હતા. ડોક્ટરે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે હૈદરની સ્થિતિમાં કઈ સુધારો આવશે નહીં. પરંતુ એક માતા તરીકે, હું નિરાશાને હંમેશા વિજ્ઞાન સાથે સાંકડી દેતી હતી.
ત્યારથી થોડા સમય પછી એક મહિલા કે જેણે અમને આશાસ્પદ બનવા માટે પ્રોત્સાહિત કર્યા કારણ કે તે એવી દવા વિશે જાણતી હતી જે અમારા બાળકની સારવાર કરશે અને એક મહિનામાં તેને 'ઠીક' કરશે. અમે તેને દવા બનાવવા માટે ત્રણ મહિનાના ભાડા જેટલા રૂપિયા આપીને આશાવાદી બની ગયા હતા. ત્યારબાદ અસંખ્ય ફોન કોલ્સ, ઘરની મુલાકાત પછી, અમને સમજાયું કે તેણીએ અમને આપેલી બધી માહિતી ખોટી હતી. પછી મારા માટે સ્વીકારવું મુશ્કેલ હતું કે વસ્તુઓ ક્યારેય બદલાશે નહીં તથા મને ખબર પડી કે તે બધુ જ નિરર્થક છે તો હું દિલથી તૂટી ગઈ.
એક દિવસ હૈદરે મને રડતી તેની બાજુમાં સૂતી જોઈ. તેણે મારા તરફ હાથ ફેરવ્યો અને મને તેની નજીક આવવા માટે ઈશારો કર્યો. પછી તેણે તેના કાંડા મારી તરફ ખસેડ્યા અને મારા ગાલમાંથી આંસુ લૂછ્યા અને મને એક સુંદર સ્મિત આપ્યું. તેણે મને માથે પંપાળવાનું શરુ કર્યું જેમ હું તેને પંપાળતી તે રડતો હોય ત્યારે. તે સમયે મને દોષિત જેવું લાગ્યું, કારણ કે મને સમજાયું કે મારુ બાળક હજી બાળક છે તો પણ તે ઉદાસી સમજી શકે છે તથા તેની આસપાસના અન્ય લોકોને પણ સમજી શકે છે. તે સમજી ગયો હતો કે મમ્મી ઠીક નથી અને તે રડે છે. તેના આ એક સરળ હાવભાવથી મારો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો. હવે હું તેને 'ઠીક' કરવા માટે કોઈની શોધમાં ન હતી કારણ કે તેને બદલાવવાની જરૂર નહોતી. તો શુ થઈ ગયું કે એ ચાલી નહીં શકે? ત્યાં વ્હીલચેર છે, તો શું જો તે ક્યારેય પોતાનું કામ જાતે નહીં કરી શકે તો તે હંમેશા મારી પાસે જ છે. હવે મેં તેના અપંગ અંગો હોવા છતાં તે શું કરી શકે તે જોવાનું શરૂ કર્યું.
જયારે મેં પ્રભાત સંસ્થા વિશે સાંભળ્યું, ત્યારે મને આશા બંધાઈ અને મેં હૈદરનું સંસ્થાના હોમબેઝ પ્રોગ્રામમાં એડ્મીસન લીધું. હૈદર ઘણા લાંબા સમયથી સંસ્થામાં સ્ટુડન્ટ છે. તેની શારીરિક અને માનસિક પરિસ્થિતિ તેણે સંસ્થાના સેન્ટર પર જતા અટકાવે છે, તેથી સંસ્થાના શિક્ષકો અને થેરાપીસ્ટ નિયમિત રીતે ઘરે જાય છે. તેઓ તેના અંગોને મજબૂત બનાવવા કસરત કરાવે છે, તેને શીખવાડે છે કે કઈ રીતે હાથ પકડવો, પગ સીધા કરવા તથા સીધા બેસવું. રંગ ઓળખ, ટેક્સચર ઓળખ તથા વાર્તા કહીને તેને ભણાવે છે. દર અઠવાડિયે, તે દરવાજા પાસે નક્કી કરેલ દિવસે આતુરતાથી બેસીને નમ્રતા ટીચરની રાહ જુવે છે. એટલું જ નહીં, તેઓએ મને મદદ કરી, તેઓએ મને હૈદર જેવો છે તેવો સ્વીકારવામાં મદદ કરી, મને સેન્ટર પર આવવા પ્રોત્સાહિત કરી. બીજા પેરેન્ટ્સ કે જેમની પરિસ્થિતિ પણ મારા જેવી છે તેમની સાથે મળવા બોલાવી. મને ત્યાંની બધી માતાઓને મળીને ભાવનાત્મક ટેકો મળ્યો અને અમારા માતૃત્વના મજબૂત બળ એક થયા.
ભૂતકાળ બધો ઈતિહાસ છે, પરંતુ મારુ જીવન વર્તમાનમાં આનંદથી ભરેલું છે. જો કે હૈદર વધુને વધુ તોફાની બનવા લાગ્યો છે, દિવસમાં તેનો ગમતો સમય એ છે જયારે તેની બહેનો ઘરે આવે અને તે તેમને હેરાન કરે. હૈદર અન્ય કિશોરોની જેમ જ છે!"

- રેશ્માબેન (હૈદર અલીની મમ્મી)





"ભારતમાં દરેક તહેવારો સુંદર રીતે ઉજવાતા હોય છે. તહેવારોમાં લોકો એકબીજા સાથે મળીને ઉજવણી કરતા હોય છે, જેના કારણે તહેવારો એક ઈન્ક્લૂસન(સમાવેશ)નું એક ઉત્તમ કારણ સાબિત થઇ શકે છે."
પ્રભાત સંસ્થા દર વર્ષે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા લોકો અને તેની આસપાસના લોકોના જીવનમાં કંઈક નવીનતા લાવવા માટે તકોનો લાભ લેતી હોય છે. દિવાળીનો તહેવાર સંસ્થામાં બાળકો માટે ખુશીઓ અને ઉત્તેજનાઓ લાવે છે. આ વર્ષે અમારે તો બમણી મજા કરવાની હતી, કારણ કે ગયા વર્ષે તો કંઈ ઉજવણી કરવામાં આવી ન હતી. આ વર્ષે દિવાળી ઉજવણીમાં નોર્મલ સ્કૂલના બાળકો પણ સામેલ થયા હતા, તેઓએ દીવા બનાવવાની એક્ટીવીટીમાં ભાગ લીધો હતો. દીવા બનાવવાની પ્રોસેસ બાળકો માટે એમાં પણ ખાસ કરીને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે ફાયદાકારક પ્રવૃત્તિ છે. આ પ્રવૃતિમાંથી ક્લે-થેરાપી તથા ગ્રોસ-ફાઈન મોટર એક્ટીવીટી બાળકો શીખી શકે છે. તે ઉપરાંત બાળકો નવા શબ્દો, ગ્રુપ એક્ટીવીટી, એકાગ્રતા વગેરે શીખતાં હોય છે, અને તેમાંથી મળતો આનંદ બાળકોને ખૂબ ખુશી આપતો હોય છે. સંસ્થા તહેવારના પ્રકાશ અને ખુશીના પ્રતીકરૂપેના દીવાઓ બનાવવા માટે ખૂબ પ્રેમ તથા કાળજી રાખે છે. સંસ્થા દ્વારા આ કલરફુલ દીવાઓ બધાને વહેંચવામાં આવે છે.

**ચાલો યોગા કરીએ:-** સંસ્થાએ પોતાના બાળકો માટે નિયમીત યોગા સેશન શરુ કરેલ છે. આ યોગા સેશનની જરૂરિયાત બાળકોના માતા-પિતાએ વ્યક્ત કરી હતી અને જેઓ હવે તેનું નેતૃત્વ કરી રહ્યા છે. આ સેશનમાં મજાક-મસ્તી અને આનંદની સાથે જુદા-જુદા પ્રાણાયામ કરાવવામાં આવે છે! સંસ્થાના દરેક ડહેલુંમાં યોગા સેશન યોજવામાં આવે છે.
ક્રાફ્ટ સેશન:- તહેવારોની મોસમ ચાલી રહી હોય ત્યારે બાળકોને ક્રાફ્ટ(હસ્તકલા) શીખવવામાં આવી, જેના ઉપયોગથી તેઓ તેમના ઘર તથા પાડોશીના ઘર સજાવી શકે. બાળકોએ કાપડ, કાગળ, જ્યુટ વગેરે જેવી વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને કટીંગ, ફોલ્ડિંગ, સ્ટીચિંગની ઘણી પ્રેક્ટિસ કરી. બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ સજાવટનો ઉપયોગ તહેવારોમાં ડેહલુ અને બાળકોના ઘરે લગાવવામાં થાય છે.

**આઉટડોર વિઝીટ:-** શિયાળાની મોસમમાં દરેક વ્યક્તિને બહાર સૂર્યના કુમળા તડકામાં રહેવું ગમતું હોય છે! સંસ્થાના બાળકોને મોસમની મજા માણવા અને વિવિધ એક્ટીવીટીના હેતુથી "હેપ્પી સ્ટ્રીટ" લઇ જવામાં આવ્યા. જ્યાં એક ઈવેન્ટનું આયોજન aProCH અને NGO દ્વારા "ચાઈલ્ડ ફ્રેંડલી સિટી"ના હેતુથી કરવામાં આવ્યું હતું. સંસ્થાના બાળકોનો 'હેપ્પી સ્ટ્રીટ' ખાતે નૃત્ય, સંગીત, રમતો અને મનોરંજક ખાદ્યપદાર્થોથી ભરપૂર આનંદદાયક દિવસ હતો. "હેપ્પી સ્ટ્રીટ" ઈવેન્ટનું આયોજન અમદાવાદના સૌથી ભરચક રસ્તાઓમાંના એક રસ્તામાં એક-બે મહિનામાં એકવાર કરવામાં આવે છે અને તે દિવસ માટે તે રસ્તાને બાળકોના રમત-ગમતના મેદાનમાં ફેરવી દેવામાં આવે છે. તે વખતનું દ્રશ્ય જોવા જેવું બની જતું હોય છે. સંસ્થાના બાળકોએ તે ઈવેન્ટનો ખૂબ જ આનંદ માણ્યો અને દરેક પળની મજા લીધી.

**વિતરણ:-** તહેવારોની મોસમમાં ગિફ્ટનું વિતરણ કરી સમુદાયમાં રહેતા લોકોના જીવનમાં આનંદ આવી શકે તેવી પ્રવૃત્તિ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે સંસ્થાના ડોનર્સ અને શુભેચ્છકોના સહયોગ તથા સહકારથી સમુદાયમાં સ્કૂલબેગ, લંચબોક્સ, પાણીની બોટલ, રસોઈના વાસણો, ગાદલા અને બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવ્યું. તે ઉપરાંત લાયન્સ ક્લબ દ્વારા સંસ્થાની મેઇનસ્ટ્રીમ સ્કૂલ વંદે-માતરમ માં એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું. કીટમાં માસ્ક, સ્કેચપેન, લંચબોક્સ, કંપાસબોક્સ, પાણીની બોટલનો સમાવેશ થાય છે.

**સહાયક સેવાઓ:-** ઘણી બધી સામાજિક-સુરક્ષા યોજનાઓ હવે ઓનલાઈન હોવાથી, તે અનુકૂળ છે પણ જેઓ ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકતા નથી તેમના માટે એક મર્યાદા પણ બનતી હોય છે. પ્રભાત સંસ્થા 8 વર્ષથી વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા લોકોને સહાયક સેવાઓ આપી રહી છે. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા લોકો જેમાં ખાસ કરીને મર્યાદિત સાધનસામગ્રી ધરાવતા લોકો માટે સામાજિક-સુરક્ષા યોજનાઓ મહત્વની સાબિત થતી હોય છે. આ યોજનાઓ તેમને મફત પબ્લિક ટ્રાન્સપોર્ટ, માસિક પેન્શન, ફ્રી હેલ્થ ઇન્સયોરન્સ, મેડીકલ સર્વિસના લાભો અને માસિક રાશન વગેરેની સાથે વધુ સારું જીવન જીવવામાં મદદ કરે છે. આ યોજનાઓ સુધી પહોંચવા માટે 'આઈડેન્ટીફિકેશન અને વિકલાંગતા સર્ટીફીકેટ' પણ આવશ્યક છે, જેના માટે પ્રભાતની ફિલ્ડ ટીમ સ્થાનિક સરકારી હોસ્પિટલના અનેક ચક્કર લગાવીને મહેનત કરતી હોય છે. ઓનલાઈન સેવાઓ માટે પણ, પ્રભાત ફિલ્ડ ટીમ આના પર કામ કરવા માટે અઠવાડિયાના અમુક દિવસો ફાળવે છે અને તમામ ફોલો-અપ પણ લેતી હોય છે. સંસ્થાએ નક્કી કર્યા પ્રમાણે પ્રભાત સંસ્થા સાથે સંકળાયેલા તમામ લોકો પાસે તેમના તમામ દસ્તાવેજો હોય જોઈએ કે જેથી તેઓ તમામ સરકારી લાભોનો આનંદ માણી શકે. આ મહિને ફિલ્ડ ટીમ દ્વારા 15 લોકોના S.T.pass માટે, પેન્શન સ્કીમ માટે 17, આધાર કાર્ડ માટે 7 તથા ઈ-શ્રમ કાર્ડ માટે 12 લોકોના ફોર્મ ભરવામાં આવ્યા.

જન્મદિવસની શુભેચ્છા

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા!



09th Nov, hardik



22nd Nov, shailesh



24th Nov, Kavitha

## ફોટો-ગેલેરી



હેપ્પી-સ્ટ્રીટમાં એક્ટીવીટી કરીએ...



લાયન્સ ક્લબ તરફથી એજ્યુકેશન કીટનું વિતરણ



કોડિયાનું કલરકામ કરતા બાળકો



શાહવાડી ડહેલુંમાં એક્ટીવીટી




ગિફ્ટ વિતરણ



યોગા કરીએ!



મને કલર કરવો બહુ ગમે...

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org